# ૨.૪ શ્રી અષ્ટાપદજી તીર્થ

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ જે તીર્થ ઉપર નિર્વાણ (મૃત્યુ) મોક્ષ પામ્યા છે, જે તીર્થના દર્શન કરવાથી જીવ તેજ ભવે મોક્ષે જાય છે, એવું આ તીર્થ હીમાલયથી ઉત્તર દિશા તરફ આગળ વધતાં આવે છે. સિદ્ધગિરિથી આશરે એક લાખ પંચાશી હજાર ગાઉથી અધિક દૂર છે. તે તીર્થ જંબુદ્વીપના દક્ષિણ દરવાજે થી વૈતાઢયના મધ્યમ ભાગે ભરતક્ષેત્ર ની અયોધ્યા નગરી પાસે આવેલું છે. તે તીર્થ યાને પર્વત પાંચશો છવીશ યોજન છ કલાનો છે. આ તીર્થ ૩૨ (બત્રીશ) કોશ પ્રમાણ ઊંચાઈએ છે. તેને આઠ પગથિયા છે. એક એક પગથિયું એક એક (૧/૧) યોજન પ્રમાણનું છે.

આ તીર્થની નજીક અયોધ્યા છે, તે બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી છે આ અવસર્પિણી કાળમાં ત્રીજા આરામાં ચોરાશી લાખ વર્ષ શેષ બાકી હતા ત્યારે નાભિ રાજાના પુત્ર ઋષભદેવ પ્રભુ દશ હજાર મુનિવર સાથે મહાવદી તેરસનાં રોજ આ પર્વત પર નિર્વાણ પામ્યા હતા. તેની યાદમાં તે તીર્થ પર તેઓનાં પુત્ર ચક્રવર્તી ભરત મહારાજાએ ચારે બાજુથી સરખી સમભૂમિ કરી હતી, પછી ૨૪ જિનેશ્વરના નિજ નિજ દેહ પ્રમાણે, લાંછન, વર્ણ (રંગ) યક્ષ–યક્ષિણિ યુક્ત ચાર દિશામાં રત્ન મણીમય ચોવીશ પ્રભુજી પધરાવ્યા છે તથા મરૂદેવી માતા, નવ્વાણું સંયમી ભાઈઓ, બ્રાહ્મી સુંદરી (બહેન)ની પ્રતિમા ઓ ભરાવી. તે પ્રાસાદ ચોરાશી મંડપનું અને સિંહ – નિષધા નામનો છે. તે તીર્થ પર મેરૂપર્વતની પૂર્વ દિશામાં (૧) ઋષભદેવ (૨) અજિતનાથ પ્રભુ છે. દક્ષિણમાં (૩) સંભવનાથ (૪) અભિનંદન (૫) સુમતિનાથ (૬) પદ્મપ્રભુ છે. પશ્ચિમમાં (૭)સુપાર્શ્વનાથ (૮) ચંદ્રપ્રભ (૯) સુવિધિનાથ (૧૦) શીતલનાથ (૧૧) શ્રેયાંસનાથ (૧૨) વાસુપૂજ્ય (૧૩) વિમલનાથ (૧૪) અનંતનાથ પ્રભુ છે. ઉત્તરમાં (૧૫) ધર્મનાથ (૧૬) શાંતિનાથ (૧૭) કુંથુંનાથ (૧૮) અરનાથ (૧૯) મલ્લિનાથ (૨૦) મુનિસુવ્રત સ્વામિ (૨૧) નમિનાથ (૨૨) નેમિનાથ (૨૩) પાર્શ્વનાથ (૨૪)મહાવીર સ્વામી છે. એ પ્રમાણે ચારેય દિશામાં ૨–૪–૮–૧૦ ના ક્રમમાં પ્રભુજી પધરાવેલા છે.

આ તીર્થ ઉપર મહાવીર સ્વામીનાં પ્રથમ ગણધર શ્રી ગૌતમ સ્વામીએ શ્રી જગચિંતામણી સૂત્રની રચના કરી છે. રાવણ–મંદોદરીએ આ તીર્થ પર નૃત્ય ગાન કરતાં રાવણ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું છે, તે તીર્થની યાત્રા કરીને પાછા આવતાં ગૌતમ સ્વામીએ ૧૫૦૩ તાપસોને અખૂટ ક્ષીર લબ્ધિ થી પારણા કરાવીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરાવી (થઈ) છે. અત્યારે આ તીર્થ લુપ્ત પ્રાયઃ છે. આ તીર્થની ભક્તિ – જાપ –આરાધના કરતા અષ્ટાપદ (વિપત્તિ) દૂર થાય છે. આ તીર્થની સુરક્ષા કરવા માટે સગર ચક્રવર્તીના ૬૦,૦૦૦ પુત્રોએ પોતાના પ્રાણની આહુતિ આપી છે. તીર્થ સદાકાળ જયવંતુ વર્તો.

jainuniversity.org